# ભારતનાં પ્રભુત્વવાળી રમતો બાકાત રાખીને કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાનો હેતું શું?

ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026 માટે આયોજકો દ્વારા ભારતનું જે રમતોમાં પ્રભુત્વ છે તેવી હોકી, શૂટિંગ, રેસલિંગ અને ક્રિકેટ જેવી રમતોની સાથે જ કુલ 13 રમતોને બજેટનું કારણ આગળ ધરીને બાકાત કરી નાંખી છે. તેનાથી હાલ તો એવું પ્રતિત થાય છે કે રમત ક્ષેત્રે વધી રહેલા ભારતના પ્રભુત્વથી પશ્ચિમના દેશો રઘવાયા બન્યા છે અને તેના કારણે તેઓ ભારતના પ્રભુત્વન મેદાન પર ઓછું કરી શકતાં ન હોવાથી આ રીતે મેદાન બહાર રમત રમીને તેમાં ઘટાડો કરવા માગે છે. કોમનવેલ્થ ગેમ્સના યજમાન શહેર ગ્લાસગોએ 2026ની ગેમ્સના શેડ્યૂલમાંથી હોકી, બેડમિન્ટન, કુસ્તી, ક્રિકેટ અને શૂટિંગ જેવી મોટી રમતોને હટાવી દીધી છે અને મહત્વની વાત એ છે કે આ ગેમ્સમાં માત્ર 10 રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટેબલ ટેનિસ, સ્ક્વોશ અને ટ્રાયથ્લોન જેવી રમતોને પણ ખર્ચ મર્યાદિત કરવા માટે બાકાત કરી દેવામાં આવી છે. બર્મિંઘમમાં 2022ની કોમનવેલ્થ ગેમ્સમાં સમાવિષ્ટ નવ રમતો આગામી ગેમ્સનો ભાગ નહીં હોય.

કોમનવેલ્થ ગેમ્સ 2026માં 23 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન યોજાશે. ગ્લાસગોએ અગાઉ 2014માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું. કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશન (CGF) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સ્પોર્ટ્સ પ્રોગ્રામમાં એથ્લેટિક્સ અને પેરા એથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ), સ્વિમિંગ અને પેરા સ્વિમિંગ, આર્ટિસ્ટિક જિમ્નેસ્ટિક્સ, ટ્રેક સાઈકલિંગ અને પેરા ટ્રેક સાઈકલિંગ, નેટબોલ, વેઈટલિફ્ટિંગ અને પેરા પાવરલિફ્ટિંગ, જુડો , બાઉલ અને પેરા બાઉલ, 3x3 બાસ્કેટબોલ અને 3x3 વ્હીલચેર બાસ્કેટબોલ, બોક્સિંગનો સમાવેશ થાય છે.

બજેટનું કારણ આગળ ધરીને આ રમતો સ્કોટટાઉન સ્ટેડિયમ, ટોલક્રોસ ઈન્ટરનેશનલ સ્વિમિંગ સેન્ટર, અમીરાત એરેના અને સ્કોટિશ કોમ્પિટિશન કોમ્પ્લેક્સ (SEC) એમ ચાર સ્થળોએ યોજવામાં આવશે. ખેલાડીઓ અને તેમના સપોર્ટ સ્ટાફને હોટલોમાં રાખવામાં આવશે. આ કોમનવેલ્થ ગેમ્સ ઈવેન્ટ ભારતની મેડલની સંભાવનાઓ માટે એક મોટો ફટકો છે, કારણ કે આ પહેલા ભારતે જે રમતોમાં મોટાભાગના મેડલ જીત્યા હતા તે રમતોને તેમાંથી દૂર કરી દેવામાં આવી છે. બર્મિંઘમ ગેમ્સના કાર્યક્રમમાંથી શૂટિંગ પણ દૂર કરવામાં આવ્યું હતું અને તેના પરત ફરવાની આશા ઓછી હતી. શૂટિંગને કાર્યક્રમમાંથી બાકાત રાખવામાં આવવાનું કારણ એવું આપવામાં આવ્યું છે કે 2014માં ગ્લાસગોથી 100 કિમીથી વધુ દૂર ડંડીના બેરી બડન સેન્ટરમાં આ રમત યોજાઈ હતી. આ સાથે તીરંદાજીની પણ અવગણના કરવામાં આવી છે. આ રમત દિલ્હીમાં 2010માં કોમનવેલ્થ ગેમ્સમાં છેલ્લે સહભાગી થઈ હતી. ગ્લાસગો ગ્રીન અને સ્કોટિશ એક્ઝિબિશન એન્ડ કોન્ફરન્સ સેન્ટર, જેણે 2014 કોમનવેલ્થ ગેમ્સમાં હોકી અને કુસ્તીનું આયોજન કર્યું હતું, તેને સ્થળની સૂચિમાંથી દૂર કરવામાં આવ્યું છે, જ્યારે સર ક્રિસ હોય વેલોડ્રોમ, જેણે તે વર્ષે બેડમિન્ટન ઈવેન્ટનું આયોજન કર્યું હતું, તેમાંથી દૂર કરવામાં આવ્યું છે. શૂટિંગ, હોકી અને રેસલિંગમાં ભારતનો દબદબો છે એ વાત આખું વિશ્વ જાણે છે. એ પણ હોઈ શકે છે કે આ ગેમ્સ પુરી થયા પછીના બે અઠવાડિયા પછી હોકી વર્લ્ડ કપ બેલ્જિયમના વાવર અને નેધરલેન્ડમાં 15 થી 30 ઓગસ્ટ સુધી આયોજિત કરવામાં આવ્યો છે તેથી હોકીને બહાર કરવામાં આવી હોય શકે છે. અગાઉ આ ગેમ્સ ઓસ્ટ્રેલિયન સ્ટેટ વિક્ટોરિયામાં યોજાવાની હતી, પરંતુ વધતા ખર્ચને કારણે તેમણે યજમાનીમાંથી હાથ પાછા ખેંચી લીધા હતા. તે પછી સ્કોટલેન્ડ રમતોની યજમાની કરવા માટે સંમત થયું. હોકીને ગેમ્સમાંથી બાકાત રાખવાથી ભારત માટે મોટો ફટકો પડશે. ભારતની પુરૂષ ટીમે ત્રણ સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ જીત્યા છે, જ્યારે મહિલાઓએ 2002 ગેમ્સમાં ઐતિહાસિક ગોલ્ડ સહિત ત્રણ મેડલ જીત્યા છે.

આ ઉપરાંત કોમનવેલ્થ ગેમ્સમાં બેડમિન્ટનના ઈતિહાસમાં ભારતે 10 ગોલ્ડ, 8 સિલ્વર અને 13 બ્રોન્ઝ મેડલ સહિત કુલ 31 મેડલ જીત્યા છે. શૂટિંગમાં ભારતે 63 ગોલ્ડ, 44 સિલ્વર અને 28 બ્રોન્ઝ સહિત 135 મેડલ જીત્યા હતા. દેશે રેસલિંગ સ્પર્ધામાં 114 મેડલ જીત્યા છે, જેમાં 49 ગોલ્ડ, 39 સિલ્વર અને 26 બ્રોન્ઝ સામેલ છે. 2022માં કોમનવેલ્થ ગેમ્સમાં ફરી ક્રિકેટનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેમાં ભારતીય મહિલા ટીમે સિલ્વર મેડલ જીત્યો હતો. તેથી ભારતનું જે પ્રભુત્વ છે તેને ધ્યાને લેતા પશ્ચિમના દેશોએ ભારતના પ્રભુત્વને મર્યાદિત કરવા આવો નિર્ણય લીધો હોવાનું માની શકાય તેમ છે.




**ટુ ધ પોઈન્ટ**

**ગ્લાસગોમાં આયોજીત થનારી 2026 કોમનવેલ્થ ગેમ્સમાં થયેલા મોટા ફેરફારમાં, કુલ 13 રમતોને પડતી મૂકવામાં આવી છે, જેમાં મહત્વની વાત એ છે કે જે રમતોમાં ભારતનું પ્રભુત્વ છે તેવી હોકી, શૂટિંગ, રેસલિંગ, ક્રિકેટની સાથે જ બેડમિન્ટન, ટેબલ ટેનિસ, ડાઇવિંગ, બીચ વોલીબોલ, સાયકલિંગ (રોડ), સાયકલિંગ (પર્વત), સ્ક્વોશ, રગ્બી 7, અને ટ્રાયથલોનને બાકાત કરવામાં આવી છે. તેની પાછળનો હેતું એ હોય શકે કે રમતક્ષેત્રે વધી રહેલા ભારતના પ્રભુત્વને મેદાન પર નહીં તો મેદાન બહાર ઘટાડી શકાય.**

## ચેમ્પિયન થવાની ઉજવણી કઈ રીતે કરવી તે ઓસ્ટ્રેલિયાએ ન્યૂઝીલેન્ડની મહિલા ટીમ પાસેથી શીખવું જોઈએ

ન્યૂઝીલેન્ડ ક્રિકેટ માટે રવિવારનો દિવસ ખરેખર ઐતિહાસિક રહ્યો હતો. એક તરફ બપોર સુધીમાં ન્યૂઝીલેન્ડની પુરૂષ ટીમે ભારત સામેની પ્રથમ ટેસ્ટ જીતીને ભારતીય ધરતી પર 36 વર્ષે ટેસ્ટ જીતી હતી તો બીજી તરફ તેનાથી આગળ વધીને મહિલા ટીમે દુબઈમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને મહિલા T20 વર્લ્ડકપ જીતીને પોતાના દેશને પહેલું આઈસીસી ટાઈટલ અપાવ્યું હતું. બીજી તરફ દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમે પોતાના દેશની પુરૂષ ટીમની પરંપરાને જાળવી રાખીને બીજીવાર વર્લ્ડકપની ફાઈનલમાં હારીને ફરી એકવાર વર્લ્ડકપ ટાઈટલ જીતતા રહી ગયું હતું.

ન્યુઝીલેન્ડ માટે, આ પુરૂષો અને મહિલાઓ બંને માટે પ્રથમ મર્યાદિત ઓવરનો વર્લ્ડકપ હતો. જીત બાદ તેના ખેલાડીઓએ રોહિત શર્માની સ્ટાઈલમાં મેદાન પર સૂઈને ઉજવણી કરી હતી અને તેઓ રોહિત શર્માની સ્ટાઈલમાં ટ્રોફીને કિસ કરતા જોવા મળ્યા હતા. જો આપણે આ સમગ્ર ઉજવણી પર નજર કરીએ, તો આપણે જોઈ શકીએ છીએ કે રમતગમતમાં જે શાલીનતા હોવી જોઈએ તે ન્યૂઝીલેન્ડની મહિલા ટીમની ઉજવણીમાં જોવા મળ્યો હતો અને તેમની એ ઉજવણીમાં ક્યાંય ઓસ્ટ્રેલિયન ટીમ જેવો ઘમંડ જોવા મળ્યો નહોતો. મહિલા T20 વર્લ્ડકપના રૂપમાં મર્યાદિત ઓવરના ક્રિકેટનું પ્રથમ ટાઈટલ જીતવું એ ન્યૂઝીલેન્ડના ક્રિકેટ ચાહકો માટે મોટી વાત છે. મેન્સ ટીમ ઘણી વખત કિનારે આવીને ડૂબી ચૂકી હતી. આ સમગ્ર ટૂર્નામેન્ટમાં ન્યૂઝીલેન્ડની સ્ટાર ઓલરાઉન્ડર એમેલિયા કેર જીતની હીરો રહી હતી. તેણે ફાઈનલ મેચમાં 43 રનની શાનદાર ઈનિંગ રમીને 3 વિકેટ ઝડપી હતી.

જ્યારે ન્યૂઝીલેન્ડની ટીમને આ જીત વિશે પૂછવામાં આવ્યું તો તેના ખેલાડીઓએ કહ્યું કે આ જીત જેવી ખુશી તેઓએ ક્યારેય અનુભવી નથી. આની સરખામણીમાં બાકીનું બધું નિસ્તેજ છે. રસપ્રદ વાત એ છે કે સવારે ભારતને ન્યુઝીલેન્ડ દ્વારા 36 વર્ષ બાદ ટેસ્ટમાં પરાજય મળ્યો હતો. ન્યુઝીલેન્ડની મહિલા ક્રિકેટ ટીમનો ડ્રેસિંગ રૂમમાં જે જોવા મળ્યું હતું તે ખરેખર એક અલગ જ રોમાંચ આપતું હતું.




તેના ખેલાડીઓ ટ્રોફી લઈને આખા ડ્રેસિંગ રૂમમાં ઉઘાડા પગે દોડતા જોવા મળ્યા હતા. દરેકના ચહેરા પર કરિશ્માઈ ખુશી હતી. જીત બાદ ન્યૂઝીલેન્ડની ટીમે એક પછી એક ટ્રોફી સાથે સેલ્ફી લીધી અને પછી તેને સોશિયલ મીડિયા પર શેર કરીને પોતાની ખુશી વ્યક્ત કરી.




**સ્પેશિયલ કોમેન્ટ**

**ન્યૂઝીલેન્ડ ક્રિકેટ ટીમે દક્ષિણ આફ્રિકાને હરાવીને મહિલા T20 વર્લ્ડ કપ 2024નું ટાઇટલ જીત્યું હતું. આ જીત બાદ તેના ખેલાડીઓની ઉજવણી અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ ઉજવણી સાથે આ મહિલા ટીમે સમગ્ર વિશ્વને ખાસ કરીને ઓસ્ટ્રેલિયન મેન્સ ટીમ એક સંદેશ પણ આપ્યો હતો કે ચેમ્પિયન બનવાની ઉજવણી કેવી રીતે કરવી જોઇએ**



### વર્લ્ડકપ જીત્યા પછી છાકટા બનેલા ઓસ્ટ્રેલિયનોએ બૂટમાં બીયર પીધો, ટ્રોફી પર પગ મૂક્યો હતો

ઓસ્ટ્રેલિયાની પુરૂષ ક્રિકેટ ટીમના ખેલાડીઓ 2021 T20 વર્લ્ડ કપ જીત્યા બાદ તેમના બૂટમાં બીયર પીતા જોવા મળ્યા હતા. તેમણે તેને ઉજવણીની નવી શૈલી તરીકે વર્ણવ્યું હતું, જ્યારે મિચેલ માર્શે ટ્રોફી પર પગ મૂક્યો હતો જ્યારે ભારતીય ટીમે વન ડે વર્લ્ડકપ 2023માં ભારતીય ટીમને હરાવીને ટાઇટલ જીત્યું હતું. બંને પ્રસંગોની તસવીરોને લઇને ચાહકો તરફથી આકરી પ્રતિક્રિયા આવી હતી. બધા માનતા હતા કે તે ઘમંડી છે.

## ‘ચક દે ઈન્ડિયા’ જોયા બાદ હોકી સ્ટિક પકડનારો શાહરૂખનો ફેન આદિત્ય લાલગે ભારતીય ટીમમાં સામેલ




**સ્પેશિયલ**

શાહરૂખ ખાનનો ચાહક આદિત્ય અર્જુન લાલગે ફિલ્મ ‘ચક દે ઈન્ડિયા’થી એટલો પ્રભાવિત થયો હતો કે તેના પરિવારમાં કોઈને પણ રમત સાથે કોઈ સંબંધ ન હોવા છતાં તેણે હોકી ખેલાડી બનવાનું નક્કી કર્યું અને હવે તેને જર્મની સામે આ અઠવાડિયે યોજાનારી બે ટેસ્ટ દ્વારા ભારતીય ટીમમાં ડેબ્યૂ કરવાની તક મળી રહી છે. મહારાષ્ટ્રના સતારાના ખેડૂત પરિવાર સાથે જોડાયેલા લાલગેને 23 અને 24 ઓક્ટોબરે મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમમાં જર્મની સામે રમાનાર બે ટેસ્ટ મેચ માટેની ભારતીય ટીમમાં સ્થાન મળ્યું છે.

ગત વર્ષે કુઆલાલમ્પુરમાં જુનિયર હોકી વર્લ્ડકપમાં ચોથા સ્થાને રહેલી ભારતીય ટીમ માટે છ મેચમાં ત્રણ ગોલ કરનાર 21 વર્ષીય યુવા ફોરવર્ડ લાલગેએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, હું બાળપણથી જ શાહરૂખ ખાનનો પ્રશંસક રહ્યો છુ, મેં ફિલ્મ ‘ચક દે ઈન્ડિયા’ જોઈ જેમાં તે હોકી કોચ બન્યો અને ત્યાર બાદ જ મને હોકી રમવામાં રસ પડ્યો હતો. આદિત્ય એક દિવસ શાહરૂખને મળવાની પણ ઈચ્છા ધરાવે છે. તેણે કહ્યું હતું કે હું હજુ સુધી તેને ક્યારેય મળ્યો નથી પરંતુ હું તેને એક દિવસ મળવા માંગુ છું. ચાર ભાઈ-બહેનોમાં સૌથી નાના આદિત્યએ પૂણેમાં મહારાષ્ટ્ર સરકારની એકેડેમીમાં દસ વર્ષની ઉંમરે હોકી રમવાનું શરૂ કર્યું હતું અને તેના પરિવારે તેને સંપૂર્ણ ટેકો આપ્યો હતો.

તેણે કહ્યું હતું કે મારા પરિવારમાં કોઈપણ કોઇ જાતની રમત રમતુ નહોતું તેમ છતાં મને રમવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હતી. ભારતીય કેપ્ટન હરમનપ્રીત સિંહને પોતાનો રોલ મોડલ માનતા આદિત્યનું લક્ષ્ય ઓલિમ્પિક્સમાં રમીને ગોલ્ડ મેડલ જીતવાનું છે. તેણે કહ્યું હતું કે હરમનપ્રીત સિંહ હોકીમાં મારો રોલ મોડેલ છે જે દબાણ લીધા વિના શાનદાર રીતે રમે છે. પેરિસ ઓલિમ્પિક્સમાં તેની કપ્તાનીમાં ટીમને બ્રોન્ઝ મેડલ જીતતી જોવી એ એક મહાન પ્રેરણા હતી. ભવિષ્યમાં હું પણ ઓલિમ્પિક્સ રમીને ગોલ્ડ મેડલ જીતવા માંગુ છું.

**મહારાષ્ટ્રના સતારાના ખેડૂત પરિવારના સંતાન આદિત્ય લાલગેના આખા પરિવારમાંથી કોઇને પણ કોઇ રમત સાથે સંબંધ નથી અને આખા પરિવારમાંથી તે એકમાત્ર રમતવીર બન્યો છે**

મનદીપ, સુખજીત, અભિષેક જેવા ઓલિમ્પિક મેડલિસ્ટ ભારતીય ફોરવર્ડ લાઇનમાં છે અને હવે દરેક સ્થાન માટે ખૂબ જ તંદુરસ્ત સ્પર્ધા છે પરંતુ આદિત્ય તેને સકારાત્મક માને છે. તેણે કહ્યું હતું કે આ તંદુરસ્ત સ્પર્ધા શ્રેષ્ઠ પ્રદર્શનને પ્રેરણા આપે છે. મેદાન પર અને મેદાનની બહાર દરેક વચ્ચે ખૂબ જ સારો તાલમેલ છે. કેપ્ટન અને કોચે પણ મને ખુલીને રમવા માટે કહ્યું છે. તેણે એમ પણ કહ્યું કે સતત બે ઓલિમ્પિક મેડલ અને હોકી ઈન્ડિયા લીગની શરૂઆતથી ભારતીય હોકીનું ભવિષ્ય ઘણું સારું લાગે છે. તેણે કહ્યું હતું કે જર્મની સામેની મેચો સારી રહેશે અને જો તમે 100 ટકા આપો તો જીત મુશ્કેલ નહીં હોય. હવે આ ભારતીય ટીમ દુનિયાની કોઈપણ ટીમને હરાવવાની તાકાત ધરાવે છે. અમે છેલ્લી ઘડીમાં ગોલ સ્વીકારતા નથી અને પાછળથી આવીને મેચ જીતી રહ્યા છીએ. સાત વર્ષ બાદ વાપસી કરી રહેલી હોકી ઈન્ડિયા લીગમાં એસજી પાઈપર્સ દિલ્હી તરફથી રમવા જઈ રહેલા આદિત્યને શ્રીજેશ સાથે રમવાની તક મળી નથી પરંતુ લીગમાં શ્રીજેશ તેની ટીમનો મેન્ટર હશે.